જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૭/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૮૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪૬ કેસ કરી, ૧૪૨ વ્યક્તિઓને ઝડપી, ૯૩૮ લીટર દેશી દારૂ, ૧૧૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૩૨ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૭ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧,૨૭,૫૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૮૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૯૮૪/૨૦૨૫**

વાસણાઃ દેવાંગ રજનીકાંત સોલંકી (ઉ.વ.૩૮) (રહે. સાથી નિવાસ કો.ઓ.હા.સો ઘરણીધર રોડ પનીયારમ ઢોસાની બાજુમાં વાસણા) એ તા.૧૭/૦૭/૨૦૨૫ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૭/૨૦૨૨ થી તા.૦૩/૦૬/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન વાસણા સ્વરા નંદીની નામની સાઈટ ઉપર સીનીયર સેલ્સ એક્ઝીક્યુટીવ તરીકે કામ કરતા આરોપી નિલેશભાઈ નરેંદ્રભાઈ સોની (ઉ.વ.૪૨)(રહે. એ–૩૦૨ સરણમ રેસીડેન્સી નિરાંત ચોકડી વસ્ત્રાલ) એ "રેરા પરમીશન" આવેલ ના હોવા છતા ફ્લેટનુ બુકીંગ કરી જુના બુંકીંગ ફોર્મમા સહી કરી, દેવાંગ સોલંકી પાસેથી કુલ રોકડ રૂપિયા ૬૦,૦૦,૦૦૦/– મેળવી લઇ સાઈટની ઓફીસ ખાતે નાણાં જમા નહીં કરી નોકરી છોડી જતા રહી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એન.પટેલ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૯૮૫/૨૦૨૫**

ગાયકવાડ હવેલીઃ યાકુબભાઇ નુરમહંમદ હોટલવાલા (ઉ.વ.૭૫) (રહે. સીજા ફ્લેટ કાંચાની મસ્જીદ જમાલપુર) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૭/૨૦૨૫ સવારના ૧૦/૦૦ થી બપોરના ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીના લોકરમાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૫૦,૦૦૦/– તથા રોકડ રૂપિયા ૩૦,૦૦૦/– ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી વિજયસિંહ ભારતસિંહ ચલાવે છે.

ચેઇન ઝુટવી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૯૮૬/૨૦૨૫**

નારોલઃ જગદીશભાઇ ગોવિંદભાઇ ભીમડા (ઉ.વ.૬૧) (રહે. પ્રથમ લકઝુરીયા ફલેટ, કર્ણાવતી–૨ સામે નારોલ અસલાલી હાઇવે નારોલ) તા.૧૭/૦૭/૨૦૨૫ સવારના ૫/૪૫ વાગ્યાના સુમારે નારોલ કર્ણાવતી–૭ સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ જગદીશભાઇ ભીમડાના ગળામાંથી પ્લેટીનમ ધાતુની ચેઇન કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જગદીશભાઇ ભીમડા એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. પો.સ.ઈ.શ્રી આર.ડી. સાંબડ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૯૮૭/૨૦૨૫**

પાલડીઃ નિકેશભાઈ સુર્યકાન્તભાઈ શાહ (ઉ.વ ૪૫)(રહે.સારદાકુંજ સોસાયટી નવા વિકાસ ગૃહ રોડ પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નિકેશભાઈ શાહ નાઓના ઘરે ઘરઘાટી તરીકે કામ કરતો સંતોષ રૂપા કીર (મુળ રહે. રામા તાલુકો–આસપુર ગોલ જી–ડુંગરપુર રાજસ્થાન) તા.૧૭/૦૭/૨૦૨૫ કલાક ૧૦/૩૦ થી કલાક ૧૧/૦૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નિકેશભાઇ શાહના ઘરમાં કબાટના ડ્રોઅરમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૮,૯૨,૦૦૦/– મતાની ચોરી કરી લઈ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.બી.પરમાર ચલાવે છે.

ટ્રેઇનની અડફેટે આવી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૯૮૮/૨૦૨૫**

આનંદનગરઃ વેજલપુર સાલપુરા ફાટકની બાજુમા અંબિકાનગર એપાર્ટમેન્ટ વિભાગ–૧ ખાતે રહેતા સુર્યાબહેન વા/ઓ કાળુભાઇ પગી (ઉ.વ.૩૦) તા.૧૭/૦૭/૨૦૨૫ સવારના ૬/૪૫ વાગ્યાના સુમારે પોતાના આઠ વર્ષના પુત્ર સાથે ગાંધીગ્રામ થી સરખેજ રેલવે સ્ટેશન વચ્ચે ટ્રેઇનની અડફેટમાં આવી જતાં બન્નેનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મનિષભાઇ મહેશભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૯૮૯/૨૦૨૫**

નિકોલઃ મીનાબહેન વા/ઓ ફતેહસિંહ રાઠોડ (ઉ.વ.૩૯) (રહે. આંગન એવન્યુ રોયલ બંગ્લોઝની બાજુમાં મનોહરવિલા ચાર રસ્તા નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૭/૨૦૨૫ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને નિકોલ અનંતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૩/૧૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.આર.પટેલ ચલાવે છે.

ઓઢવઃ તનિષા ડો/ઓ મહેન્દ્રકુમાર સુથાર (ઉ.વ.૨૧) (રહે. રત્નમાલા સોસાયટી અર્બુદાનગર પાસે મહેશ્વરી રોડ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૭/૨૦૨૫ સાંજના ૬/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.આર.ક્રિશ્ચન ચલાવે છે.

રામોલઃ વસ્ત્રાલ પંચરત્ન આવાસ યોજના ચાર મળીયા ખાતે રહેતા રાહુલભાઈ મણીલાલ શ્રીમાળી નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૧૭/૦૭/૨૦૨૫ સવારના ૪/૩૦ થી ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કાર્તિકભાઈ મોતીભાઈ ચલાવે છે.

વટવા: વિક્રમસિંહ સ/ઓ હડમતજી પુરોહીત (ઉ.વ.૩૨) (રહે. કિષ્ના પાર્ક સોસાયટી યશ બંગ્લોઝ સામે પુનિતનગર ફાટક રોડ વટવા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૭/૨૦૨૫ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રિયવનસિંહ ધીરજસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી